*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 006928

# 13 (G)

**(JULY, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.

2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 53 પ્રશ્નો છે.

3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.

6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A [20]

### (ગદ્ય વિભાગ)

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[3]**

| 'અ' (કૃતિ) | 'બ' (સાહિત્ય પ્રકાર) |
|---|---|
| 1) ઝબક જ્યોત | (અ) રેખાચિત્ર |
| 2) પ્રાણનો મિત્ર | (બ) હાસ્ય નિબંધ |
| 3) શ્વેતક્રાંતિના પ્રણેતાઓ | (ક) અનુવાદિત વાર્તા |
| | (ડ) એકાંકી |

બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [2]

4) જેઠીબાઈનું મૂળ વતન ______ હતું.

(કચ્છ-માંડવી, કચ્છ-અંજાર, કચ્છ-ભુજ)

5) 'પ્રાણનો મિત્ર' વાર્તા આપણને ______ માવજત માટે જાગૃત કરે છે.

(પ્રાણીની, પર્યાવરણની, તંદુરસ્તીની)

નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. [2]

6) ટિકિટ માટે ભદ્રંભદ્ર 'મોહમયી' શબ્દ પ્રયોજે છે.

7) 'સૂરજ તો બધેજસરખો' પાઠના લેખકનું નામ વિનોદભટ્ટ છે.

ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [3]

8) જેઠીબાઈની ઓઢણી કયા નામથી વિખ્યાત બની?

9) ડૉ. વર્ગીસ કુરિયનની આત્મકથાનું નામ શું છે?

10) ઘવાયેલો દીપક કોનું સ્મરણ કરે છે?

ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે) [4]

11) અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે?

12) સિક્યોરિટી ઑફિસરે શું સમજાવ્યું?

13) તાજમહેલ વિશે લેખક શું કહે છે?

ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે) [6]

14) રમઝુ મીરનું શબ્દ-ચિત્ર આલેખો.

15) 'નથી' પાઠનું શીર્ષક તમારા શબ્દોમાં સમજાવો.

16) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.

## વિભાગ – B

[20]

### (પદ્ય વિભાગ)

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [3]

| 'અ' (કૃતિ) | 'બ' (કર્તા) |
|---|---|
| 17) દીવાનખાનામાં | (અ) સ્નેહી પરમાર |
| 18) તે બેસે અહીં | (બ) નિરંજન ભગત |
| 19) હાથ મેળવીએ | (ક) કરસનદાસ માણેક |
| | (ડ) પન્ના નાયક |

**બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [2]

20) કવિ પોતાના જીવનને ______ બનાવવા માંગે છે.

(આકર્ષક, સ્વચ્છ, પરોપકારી)

21) કાવ્યનાયિકા ______ જગ્યાએ વસ્તુઓ વ્યવસ્થિત કરી રહ્યાં છે.

(રસોડામાં, ફળિયામાં, દીવાનખાનામાં)

**નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [2]

22) 'તે બેસે અહીં' કાવ્ય 'યદા તદા' ગઝલ સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.

23) 'હાઈકુ' ગુજરાતી ભાષાનો કાવ્ય પ્રકાર છે.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [3]

24) નાયિકા દીવાનખાનામાં વસ્તુઓને કેવી રીતે ગોઠવે છે?

25) 'સૂર્ય તપતો હોય એનો મધ્યમાં' નો અર્થ શું?

26) વૃંદાવનના માર્ગે વ્હાલો શું માંગે છે?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

27) 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

28) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ પોતાના ચરણોને વણથાક્યા કેમ કહે છે?

29) માનવીના હાથ ક્યાં-ક્યાં કામો કરે છે?

**ઈ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

30) 'જીવમાં જીવ આવ્યો' - શીર્ષકની યથાર્થતા ચર્ચો.

31) 'ક્યાં રે વાગી' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

32) 'પંખી પીંજરામાં ભરાઈ ગયું' માં વ્યક્ત થતી વેદના વર્ણવો.

## વિભાગ – C **[16]**

### (વ્યાકરણ વિભાગ)

- **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)**

33) નીચેનામાંથી કયો શબ્દ 'બહાદુરી' શબ્દનો સમાનાર્થી છે? **[1]**

(A) વખાણ

(B) પરાક્રમ

(C) ભયાનક

34) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? **[1]**

(A) મિત્ર - ભાઈબંધ

(B) મહેમાન - અતિથિ

(C) કસમ - આદેશ

35) 'સૂર્યોદય' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. **[1]**

(A) રુદન

(B) સૂર્યાસ્ત

(C) પરમાર્થ

36) નીચે વિરુદ્ધાર્થી શબ્દના જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી? [1]

(A) હરખ - રુદન

(B) પાપ - પુણ્ય

(C) ભીતર - બહાર

37) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) વિષાદ

(B) વિશાદ

(C) વીષાદ

38) આ વર્ષે ______ અનાજ પાક્યું-યોગ્ય જોડણી વડે ખાલી જગ્યા પૂરો. [1]

(A) પુષ્કળ

(B) પૂષ્કર

(C) પુષ્કર

39) 'નિત્યાનંદ' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે? [1]

(A) નિતી + આનંદ

(B) નિઃ + આનંદ

(C) નિત્ય + આનંદ

40) નીચેનામાંથી કયો સમાસ તત્પુરુષ સમાસ છે? [1]

(A) પંચવટી

(B) કન્યાપક્ષ

(C) કલ્પવૃક્ષ

41) 'છોભીલા પડવું' - રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

42) 'સસ્તી મૂડી સિદ્ધપુરની જાત્રા.' - કહેવત સમજાવો. [1]

43) 'મીર તો હજી સગડ મેલતો નથી'. - કર્મણિ વાક્ય બનાવો. [1]

44) 'બાપુ વાવટો ઉતારી લે છે'. - પ્રેરક વાક્ય બનાવો. [1]

45) નીચે આપેલ વાક્યમાં - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. [1]

વગડા વચ્ચે એકાકી મંદિર છે.

46) નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) નાનું

(B) ઉજ્જડ

(C) લાંબુ

47) તો આ રોટલાનું વૈતરું શું કામ - યોગ્ય વિરામચિહ્નો મુકી વાક્ય ફરીથી લખો. [1]

48) વાક્યના અંતે કયું વિરામચિહ્ન વપરાય છે? [1]

(A) અલ્પવિરામ

(B) પૂર્ણવિરામ

(C) અવતરણ ચિહ્ન

## વિભાગ - D [24]

### (અર્થગ્રહણ/લેખન સજ્જતા)

49) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

સમયની મૂડી તો દરેકની પાસે સરખી જ હોય છે પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજના પૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશુંજ વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ તમારી મિલકત ગણાય. સમયની બાબત પણ એવી જ છે. તેની બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જ જે માણસ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે. તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે. અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય પછી શું કરી શકે? એ ધારે તે કરી શકે.

50) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો. અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો. [4]

મુદ્દા :- એક લુચ્ચો માણસ - દેવું ચૂકવવાની 'ના' - કોર્ટમાં દાવો - લુચ્ચા માણસે વકીલ રોકવો - વકીલ તેને 'બેં, બેં' બોલવાનું શીખવવું - ન્યાયાધીશનું એને ગાંડો ગણીને નિર્દોષ જાહેર કરવું - વકીલે ફી ની માંગણી કરવી - જવાબમાં 'બેં, બેં' બોલવું - બોધ.

51) તમારી શાળામાં યોજાયેલ 'રક્તદાન શિબિર' નો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

52) નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. [4]

આળસ એ તો જીવતા માણસની કબર છે.

અથવા

અમને નાંખો જિંદગીની આગમાં,

અમે આગને પણ ફેરવીશું બાગમાં.

53) **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

જીવનમાં શિસ્તનું મહત્ત્વ

(પ્રસ્તાવના - શિસ્તની જરૂરિયાત - શિસ્તના પ્રકાર, સ્વયંશિસ્ત - ગેરશિસ્તનાં પરિણામ - કડક શિસ્તની જરૂર - ઉપસંહાર)

અથવા

માતૃપ્રેમ

(પ્રસ્તાવના - માતાનો અનન્ય ત્યાગ અને વાત્સલ્ય - નિઃ સ્વાર્થ પ્રેમ - બાળકનાં ઘડતરમાં માતાનો ફાળો - જનનીની અજોડતા - માતાને ભવ્ય અંજલી - પશુ- પક્ષીઓમાં માતૃપ્રેમ - ઉપસંહાર)

અથવા

આજનો વિદ્યાર્થી - વિદ્યાર્થી કે પરીક્ષાર્થી

(પ્રસ્તાવના - આજના વિદ્યાર્થીનો દૃષ્ટિકોણ - વર્તમાન પરીક્ષાઓ - પરીક્ષાલક્ષી ગોખણપટ્ટીજ્ઞાન - ઈત્તરજ્ઞાનનો અભાવ - માત્ર પરીક્ષાલક્ષી તૈયારી - દૃષ્ટિકોણ બદલવો જરૂરી - ઉપસંહાર)

♦♦♦♦